# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર : –**

**વિષયઃ શૈક્ષણિક સંસ્થાઓમાં વેકેશન જાહેર કરવા બાબત**
**સંદર્ભ:૧) શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક:પરચ/૨૦૧૮/૬૧/ખ–૧ તા.૩૦/૦૪/૨૦૨૧**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ તથા તમામ અધ્યાપકશ્રીઓને જણાવવાનું કે રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૩૦/૦૪/૨૦૨૧ના સંદર્ભ પરિપત્ર અનુસાર યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો, અનુસ્નાતક ભવનો તથા અનુસ્નાતક કેન્દ્રો માટે તા.૦૧/૦૫/૨૦૨૧ થી તા.૦૫/૦૬/૨૦૨૧ સુધી વેકેશન જાહેર કરવામાં આવે છે.

ઉપર્યુકત બાબત ધ્યાને લઈ કોલેજ/અનુસ્નાતક ભવન/અનુસ્નાતક કેન્દ્રના તમામ પ્રાધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓને ઉકત બાબતની જાણ આપની કક્ષાએથી કરવા અનુરોધ કરવામાં આવે છે.

- **વેકેશન સમય દરમ્યાન સરકારશ્રી/યુનિવર્સિટી/વહિવટી તંત્ર/સંસ્થાને કોઈપણ પ્રકારની સેવાની જરૂરીયાત ઉભી થાય કે કોઈ પરિક્ષાલક્ષી કામગીરી કરવાની હોઈ ત્યારે શૈક્ષણિક /બિન શૈક્ષણિક કર્મચારીઓએ વિદ્યાર્થી/સંસ્થા/યુનિવર્સિટીના હિતમાં કે રાષ્ટ્ર હિતમાં જરૂર પડે ત્યારે ફરજ ઉપર ઉપસ્થિત રહેવાનું રહેશે.**
- **અધ્યાપકીય નૈતિક જવાબદારીના ભાગરૂપે કોઈપણ વિષયમાં અભ્યાસક્રમ કે અન્ય શૈક્ષણિક કાર્ય બાકી હોય તેવા સંજોગોમાં અધ્યાપકે પોતાના સમય, સંજોગો અને પરિસ્થિતી અનુસાર વેકેશન દરમ્યાન વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી Online માધ્યમથી પોતાને સોંપાયેલ શિક્ષણ કાર્ય પૂર્ણ કરવાનું રહેશે.**

**Sd/-**
**કા. કુલસચિવ**

**નં. :બીકેએનએમયુ/રજી/૧૧૨/૨૦૨૧**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા.૩૦/૦૪/૨૦૨૧

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના :–**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧.આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)